ક્રમાંક:રાપબો/ચિત્રકામ/૨૦૨૫/ 3238 - 3308

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા,
સરકારી પુસ્તકાલયની સામે,
સેકટર-૨૧,ગાંધીનગર.
તા: ૧૭/03/૨૦૨૫

## પરિપત્ર

વિષય: પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા અને માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા - ૨૦૨૫ પરીક્ષાના આવેદનપત્રો અને ફી ભરવા માટેનો સમયગાળો લંબાવવા બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીના તા.૦૭/03/૨૦૨૫ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/ચિત્રકામ કક્ષા પરીક્ષા/ ૨૦૨૫/૨૭૧૫-૨૮૧૨.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ દર્શિત જાહેરનામાથી પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા અને માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા - ૨૦૨૫ માટેના આવેદનપત્રો **www.sebexam.org** વેબસાઇટ પર **તા.૧૦/03/૨૦૨૫ થી તા.૧૭/03/૨૦૨૫** દરમિયાન ઓનલાઇન ભરવાના ચાલુ છે. જેમાં નીચે મુજબની વિગતે આવેદનપત્રો અને ઓનલાઇન ફી ભરવાનો સમયગાળો લંબાવવામાં આવે છે.

હવે આવેદનપત્રો અને ઓનલાઇન ફી **તા.૨૧/03/૨૦૨૫** સુધી ભરી શકાશે. પરીક્ષા અંગેની અન્ય વિગતો ઉક્ત સંદર્ભદર્શિત જાહેરનામાં મુજબ યથાવત રહેશે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➢ **નકલ રવાના અમલાર્થે**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ (જિલ્લાના તમામ શિક્ષણાધિકારીશ્રીઓને જાણ કરવા સારૂ)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ (જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ)
- શાસનાધિકારીશ્રી, તમામ (આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ)
- પ્રમુખશ્રી, કલા શિક્ષક સંઘ, ગુજરાત રાજ્ય.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.